




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-30 ■ અંક-04 ■ તા. 25-01-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


11-01-2026_02 Jan Fariyad_P-1

### સામે આવ્યા ડરામણા આંકડા

## વાયુ પ્રદૂષણથી ભારતમાં દરરોજ ૪૬૫૭ લોકોના મોત



નવી દિલ્હી,

ભારતમાં વાયુ પ્રદૂષણ હવે માત્ર પર્વાયરણની ચિંતા નથી, પરંતુ તે દેશ માટે એક ગંભીર જાહેર સ્વાસ્થ્ય સંકટનું રૂપ લઈ ચૂક્યું છે. નિષ્ણાંતોનું કહેવું છે કે પ્રદૂષિત હવા દર વર્ષે લાખો લોકોના જીવન છીનવી રહી છે અને તેની અસર ચુપચાપ અર્થવ્યવસ્થાને પણ નબળી પાડી રહી છે. તાજેતરમાં જિનેવામાં આયોજીત વર્લ્ડ ઈકોનોમિક ફોર્મ દરમિયાન ઈકોનોમિસ્ટ ગીતા ગોપીનાથે આ મુદ્દા પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે ભારતમાં વાયુ પ્રદૂષણથી દર વર્ષે આશરે ૧૭ લાખ મોત થાય છે. તેનો મતલબ એ થયો કે દેશમાં થનાર દર પાંચમાંથી લગભગ એક મોત પ્રદૂષિત હવા સાથે જોડાયેલું છે.

જો આ આંકડાને દૈનિક હિસાબે જોઈએ તો સ્થિતિ વધુ ડરામણી થઈ જાય છે. ભારતમાં દરરોજ સરેરાશ ૪૬૫૭ લોકો ઝેરી હવાને કારણે પોતાના જીવ ગુમાવી રહ્યાં છે. નિષ્ણાંતો પ્રમાણે વાયુ પ્રદૂષણથી થનાર બીમારીઓ માત્ર હોસ્પિટલ સુધી સીમિત રહેતી નથી, પરંતુ તેની સીધી અસર દેશની ઉત્પાદકતા અને અર્થવ્યવસ્થા પર પણ પડે છે. એક રિપોર્ટ અનુસાર સમય પહેલા થનાર મોત અને પ્રદૂષણ સાથે જોડાયેલી બીમારીઓને કારણે દર વર્ષે અબજો ડોલરનું આર્થિક નુકસાન ઉઠાવવું પડે છે. વર્ષ ૨૦૧૯મા જ પ્રદૂષણ સાથે જોડાયેલા સમય પહેલા મોતને કારણે દેશને આશરે ૨૮ અબજ ડોલરથી વધુનું નુકસાન થયું, જ્યારે બીમારીઓ સાથે જોડાયેલા આર્થિક નુકસાનનો અંદાજ ૮ અબજ ડોલર આંકવામાં આવ્યો. કુલ મળી આ નુકસાન ૩૬.૯ અબજ ડોલર, એટલે કે ભારતની જીડીપીના આશરે ૧.૩૬ ટકા હતો. પાછલા સપ્તાહે જારી વર્લ્ડ બેંકના એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું કે ભારતની ૧૦૦ ટકા વસ્તી હાનિકારક **PM2.5** કણોના સંપર્કમાં છે. **PM2.5** ને સૌથી ખતરનાક વાયુ પ્રદૂષણ માનવામાં આવે છે, જે ઘણા સ્ત્રોતમાંથી નીકળે છે અને સીધુ ફેફસામાં જઈને નુકસાન પહોંચાડે છે. **WHO** અનુસાર વાયુ પ્રદૂષણથી સ્ટ્રોક, હાર્ટની બીમારી, ક્રોનિક લંગ ડિઝીસ, ફેફસાનું કેન્સર અને નિમોનિયા જેવી ગંભીર બીમારીનો ખતરો અનેક ગણો વધી જાય છે. માત્ર લાંબા સમ સુધી જ નહીં, પરંતુ થોડા સમય માટે પણ વધુ પ્રદૂષણમાં શ્વાસ લેવો અસ્થમા, શ્વાસની મુશ્કેલી અને ફેફસાની ક્ષમતા ઘટવા જેવી સમસ્યા પેદા કરી શકે છે. સ્ટડી અનુસાર ગર્ભવતી મહિલાઓ માટે પ્રદૂષિત હવા વધુ ખતરનાક સાબિત થઈ શકે છે. તેનાથી ઓછા વજનવાળા બાળકોનો જન્મ, સમય પહેલા ડિલીવરી અને શિશુના વિકાસમાં વિઘ્નો જેવી સમસ્યા જોઈ શકાય છે.

ધ લેન્સેટ પ્લેનેટરી હેલ્થમાં પ્રકાશિત એક અધ્યયન પ્રમાણે જો ભારતમાં વાયુ ગુણવત્તા **WHO** ના માપદંડો પર ખરી ઉતરે તો દર વર્ષે આશરે ૧૫ લાખ વધારાના મોત રોકી શકાય.

રિપોર્ટ અનુસાર માત્ર ફોસિલ ફ્યુલ બળવાને કારણે દર વર્ષે ૭.૫ લાખ મોત થાય છે. તેમાં કોલસાથી આશરે ૪ લાખ અને બાયોમાસ બળવાથી લગભગ ૩.૫ લાખ મોત સામેલ છે. એક્સપર્ટનું કહેવું છે કે પ્રદૂષિત હવાના સંપર્કમાં થોડા સમય માટે આવવાથી શ્વાસ લેવામાં સમસ્યા, અસ્થમા અને ફેફસાની કામ કરવાની ક્ષમતા પર અસર પડે છે. જ્યારે લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી મગજ, હૃદય અને ફેફસાની ગંભીર બીમારીનો ખતરો અનેક ગણો વધી જાય છે.

## રાષ્ટ્રગાનની જેમ રાષ્ટ્રીય ગીત વંદે માતરમ માટે પણ હવે ઉભા થવું પડશે

નવી દિલ્હી,

મોદી સરકાર રાષ્ટ્રીય ગીત વંદે માતરમને રાષ્ટ્રગાન સમાન દરજ્જો આપવા માટે એક પ્રોટોકોલ તૈયાર કરવાની યોજના બનાવી રહી છે. એક રિપોર્ટ અનુસાર આ મહિનાની શરૂઆતમાં ગૃહ મંત્રાલય તરફથી આયોજીત એક ઉચ્ચ-સ્તરીય બેઠકમાં આ મુદ્દે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે. ભારતના બંધારણ પ્રમાણે રાષ્ટ્રગાન અને રાષ્ટ્રીય ગીત બંનેને સમાન સન્માન મળ્યું છે પરંતુ કાયદાકીય અને ફરજીયાત પ્રોટોકોલના મામલામાં બંને વચ્ચે અંતર છે.

હકીકતમાં રાષ્ટ્રગાનના ગાયન સમયે ઉભા થવું જરૂરી છે અને તેનું અપમાન કરવા પર રાષ્ટ્રીય સન્માન અપમાન નિવારણ અધિનિયમ ૧૯૭૧ની હેઠળ સજાની જોગવાઈ કરવામાં આવી છે.


### શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવે બંધઃ ૨૦થી વધુ ફ્લાઈટ્સ રદ

## ઉત્તર ભારતમાં વરસાદ અને હિમવર્ષા વૈષ્ણોદેવીની યાત્રા સ્થગિત કરાઈ

### જમ્મુ-કાશ્મીરના સત્તાવાળાઓએ નવેસરથી હિમવર્ષા બાદ છ જિલ્લાઓ માટે અતિ જોખમી હિમપ્રપાતની ચેતવણી જારી કરી

નવી દિલ્હી, તા.૨૪

દેશના ઉત્તરભાગમાં ફરી એકવખત આકરી ઠંડીની શરૂઆત થઈ છે. અનેક વિસ્તારોમાં હિમવર્ષા અને વરસાદના કારણે જનજીવનને અસર થઈ છે. જોકે વરસાદને કારણે ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીરમાં ખેડૂતો અને પર્યટકોને થોડીક રાહત મળી છે. દેશમાં ફરી એક વખત ઠંડી પાછી ફરશે તેવી આગાહી કરવામાં આવી છે.જમ્મુ અને કાશ્મીરના મોટાભાગના વિસ્તારોમાં થયેલી તાજી હિમવર્ષાને કારણે શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો છે. માતા વૈષ્ણોદેવીની યાત્રા સ્થગિત કરવામાં આવી છે અને કાશ્મીરમાં ૨૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, પ્રખ્યાત સ્કીઈંગ રિસોર્ટ ગુલમર્ગમાં બે ફૂટથી વધુ તાજી હિમવર્ષા થઈ છે, જ્યારે ગાંદરબલ જિલ્લાના સોનમર્ગ પ્રવાસી રિસોર્ટમાં છ ઈંચથી વધુ અને દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામ રિસોર્ટમાં અંદાજે ત્રણ ઈંચ હિમવર્ષા નોંધાઈ છે. દિલ્હીમાં વર્ષનો પ્રથમ વરસાદ નોંધાયો હતો. જમ્મુ-કાશ્મીરના સત્તાવાળાઓએ નવેસરથી હિમવર્ષા બાદ છ જિલ્લાઓ માટે અતિ જોખમી હિમપ્રપાતની ચેતવણી જારી કરી છે.આગામી ૨૪ કલાક દરમિયાન મધ્ય કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં ૨,૩૦૦ મીટરથી વધુની ઊંચાઈએ અતિ જોખમી સ્તરના હિમપ્રપાત થવાની સંભાવના છે. આગામી ૨૪ કલાક દરમિયાન મધ્ય



કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં ૨,૩૦૦ મીટરથી વધુની ઊંચાઈએ અતિ જોખમી સ્તરના હિમપ્રપાત થવાની સંભાવના છે. અધિકારીઓએ રહેવાસીઓને સાવચેત રહેવા અને હિમપ્રપાતની સંભાવના ધરાવતા વિસ્તારોમાં ન જવાની અપીલ કરી છે.

## ભારતીય મૂળના વ્યક્તિએ પત્ની સહિત ચાર લોકોની કરી હત્યા

જોર્જિયા,

અમેરિકાના જોર્જિયા રાજ્યમાં એક પારિવારિક વિવાદમાં થયેલી ગોળીબારીમાં એક ભારતીય મૂળની મહિલાનું મોત થયું છે.

આ ઘટના શુક્રવાર (૨૬ જાન્યુઆરી ૨૦૨૬) સવારો લોરેન્સિવિલ શહેરમાં થઈ. જ્યાં એક ઘરની અંદર ચાર લોકોને ગોળી મારવામાં આવી છે. ઘટના સમયે ત્રણ બાળકો પણ હાજર હતા, જે પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યાં છે.

એટલાન્ટા સ્થિત ભારતીય વાણિજ્ય દૂતાવાસે આ ઘટના પર દુખ વ્યક્ત કર્યુ છે. દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જણાવ્યું કે આ ઘટના કથિત રીતે પારિવારિક વિવાદ સાથે જોડાયેલી છે અને તેમાં એક ભારતીય નાગરિકનું મોત થયું છે. દૂતાવાસે કહ્યુ કે આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે અને પીડિત પરિવારને દરેક સંભવ મદદ કરવામાં આવી રહી છે.

પોલીસે આરોપીની ઓળખ એટલાન્ટા નિવાસી ૫૧ વર્ષીય વિજય કુમારના રૂપમાં કરી છે. પોલીસ અનુસાર મૃતકોમાં વિજય કુમારની પત્ની મીમૂ ડોગરા (૪૩), ગૌરવ કુમાર (૩૩), નિધિ ચંદર (૩૭) અને હરિશ ચંદર (૩૮) સામેલ છે. વિજય કુમાર પર ચાર લોકોની હત્યા.

## ફ્લોરિડા એક વર્ષ માટે H-1B વિઝા હેઠળ ભરતી પર પ્રતિબંધ મુકવાની તૈયારીમાં

મિયામી, તા.૨૪

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈમિગ્રેશનના નિયમો આકરાં બનાવતાં ભારત સહિતના દેશો મુશ્કેલીમાં મુકાયા છે. હવે અમેરિકાના ફ્લોરિડા રાજ્યમાંથી ભારતીય આઈટી પ્રોફેશનલ્સ અને સંશોધકો માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ફ્લોરિડાની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં **H-1B** વિઝા કાર્યક્રમ હેઠળ નવી કર્મચારીઓની ભરતી કરવા પર લગભગ એક વર્ષ માટે પ્રતિબંધ મૂકવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

આ મહત્વપૂર્ણ નીતિ પર આગામી **29** જાન્યુઆરીએ સ્ટેટ યુનિવર્સિટી સિસ્ટમ ઓફ ફ્લોરિડાના બોર્ડ ઓફ ગવર્નર્સ દ્વારા મતદાન કરવામાં આવે તેવી શક્યતા છે. જો આ પ્રસ્તાવને મંજૂરી મળશે, તો ફ્લોરિડાની તમામ સ્ટેટ યુનિવર્સિટીઓના ટ્રસ્ટી બોર્ડ **5** જાન્યુઆરી, **2027** સુધી **H-1B** વિઝા પ્રોગ્રામ હેઠળ કોઈ પણ નવા કર્મચારીની ભરતી કરી શકશે નહીં. આ પગલાથી ખાસ કરીને સંશોધન અને શૈક્ષણિક વિભાગોમાં કામ કરવા ઈચ્છતા ભારત સહિતના દેશના પ્રોફેશ્નલ્સ પર સીધી અસર પડશે.**H-1B** વિઝા કાર્યક્રમના પ્રખર વિરોધી એવા ફ્લોરિડાના ગવર્નર રોન ડીસેન્ટિસનું માનવું છે કે, અમેરિકાની યુનિવર્સિટીઓ લાયક અમેરિકન નાગરિકોને બદલે વિદેશી કામદારોને પ્રાથમિકતા આપી રહી છે. કરદાતાઓના પૈસાથી ચાલતી સંસ્થાઓમાં પ્રથમ અધિકાર સ્થાનિક યુવાનોનો હોવો જોઈએ. ગયા વર્ષે તેમણે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું




હતું કે, “અમે ફ્લોરિડાની સંસ્થાઓમાં **H-1B** વિઝાનો દુરુપયોગ સહન નહીં કરીએ.ફ્લોરિડાની આ દરખાસ્ત એચ-**1**બી અંગેના ટ્રમ્પ વહીવટીતંત્રના આક્રમક વલણને દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે, ગત સપ્ટેમ્બરમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે નવી **H-1B** વિઝા અરજીઓ પર **$1,00,000** (અંદાજે રૂ.**90** લાખ રૂપિયા)ની તોતિંગ ફી લાદવાની જાહેરાત કરી હતી.

### સુરજ ભાસ્કર નામના યુપીના યુવકનું આ કૃત્ય પોલીસને પણ ચોંકાવી ગયું

## MBBSના દિવ્યાંગ ક્વોટામાં સીટ મેળવવા યુવાને પગ કાપ્યો

જૌનપુર,

મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે લાખો વિદ્યાર્થીઓ એડી ચોટીનું જોર લગાવી, **NEET** જેવી અત્યંત અઘરી પરીક્ષાનો સામનો કરે છે. ત્યારે **NEET**માં બે વાર નિષ્ફળ થયા બાદ **MBBS**ના દિવ્યાંગ ક્વોટામાં સરળતાથી પ્રવેશ મેળવી લેવા માટે યુપીના જૌનપુરના એક યુવક સુરજે જાતે જ પગ કાપી કાઢ્યાનું આઘાતજનક કારસ્તાન સામે આવ્યું છે. આ ચોંકાવનારા કૃત્ય સમગ્ર દેશના મેડિકલ જગતમાં ચર્ચાસ્પદ બની છે. આ ઘટના પોલીસ સુધી પહોંચી છે અને તપાસ દરમિયાન સુરજની એક ડાયરીમાં અતિ મહત્ત્વકાંક્ષા ભરેલું વાક્ય લખેલું મળ્યું હતું કે,હું **2026**માં **MBBS** ડોક્ટર બનીશ.સુરજ ભાસ્કર નામના યુપીના યુવકનું આ કૃત્ય પોલીસને પણ ચોંકાવી ગયું છે. પોલીસે કહ્યું હતું કે, સુરજે એવો દાવો કર્યો હતો કે તેનો પગ એક હિંસક હૂમલાના લીધે કપાયો છે. જોકે પોલીસે તેની ચાલાકી સમજી લીધી હતી. પરંતુ હાલમાં પોલીસ પણ મુંઝવણમાં છે કે આવા વિચિત્ર મામલે તેની સામે ફોજદારી કાયદાની કઈ કલમો લગાવી શકાય. તે નક્કી કરવા માટે હાલ કાનૂની અભિપ્રાય પણ લેવામાં આવી રહ્યો છે.જૌનપુર જિલ્લાના ખલીલપુર ગામમાં બનેલી ઘટનાની પોલીસ તપાસના તારણો બુધવારે અધિક પોલીસ અધિક્ષક આયુષ શ્રીવાસ્તવ સાથે શેર કરવામાં આવ્યા હતા. આ સમગ્ર મામલો રવિવારે પ્રકાશમાં આવ્યો હતો, જયારે સુરજના મોટા ભાઈ આકાશે પોલીસને જણાવ્યું હતું કે કેટલાક અજાણ્યા હૂમલાખોરોએ તેના પર હૂમલો કર્યો છે. હૂમલાના પગલે સુરજ બેભાન પણ થઈ ગયો હતો. આ જાણકારી બાદ પોલીસે કેસ નોધીને તપાસ શરૂ કરી હતી. જે તપાસ પછીથી સિટી સર્કલ ઓફિસર ગોલ્ડી ગુપ્તાને સોંપવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસને સુરજના નિવેદનોમાં વિરોધાભાસ જણાઈ આવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે તેના ફોનની તપાસ દરમિયાન એક નંબર સામે આવતા એક મહિલાની પૂછપરછ કરવામાં આવી હતી અને એના પગલે પોલીસની શંકા વધુ ઘેરી બની હતી.તપાસમાં સૂરજની એક ડાયરી પણ મળી આવી હતી જેમાં તેણે લખ્યું હતું કે, હું **2026** માં **MBBS** ડૉક્ટર બનીશ. નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (**NEET**)ની પરીક્ષામાં બે વાર નાપાસ થવાથી તે માનસિક તણાવમાં સરી પડ્યો હતો એવા દાવો પણ પોલીસે કર્યો હતો.દિવ્યાંગ ક્વોટા હેઠળ પ્રવેશ મેળવવા માટે તેણે કથિત રીતે પોતાનો પગ કાપીને પોતાને શારીરિક રીતે અપંગ જાહેર કરવાની યોજના બનાવી હતી.આરોપીઓએ બનાવટી વાર્તા ઊભી કરીને તપાસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સતત પૂછપરછ અને પુરાવાઓની તપાસથી તેના દાવાઓ ટકી શક્યા નહોતા.

# આગામી ૭ દિવસ દરમિયાન રાજ્યના તમામ જિલ્લાઓનું વાતાવરણ સૂકું રહેશે

અમદાવાદ,

રાજ્યમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. ફરી એક વખત ગુજરાતમાં ઠંડીનું જોર વધ્યું છે. સુસવાટા મારતાં પવનો વચ્ચે પારો ગગડતાં રાજ્યવાસીઓ કડકડતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. આવામાં તાપમાનની વાત કરીએ તો, સૌથી ઓછું તાપમાન નલિયામાં ૫ ડિગ્રી નોંધાયું છે. આવામાં હવે આગામી દિવસો દરમિયાન રાજ્યનું હવામાન કેવું રહેશે તે અંગે હવામાન વિભાગની આગાહી સામે આવી છે. શું આગામી દિવસોમાં રાજ્યમાં કમોસમી વરસાદનો કોઈ ખતરો છે કે પછી ઠંડીનું જોર વધશે? તે અંગે હવામાન વિભાગની આગાહી સામે આવી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે, આગામી ૭ દિવસ દરમિયાન રાજયના તમામ જિલ્લાઓનું વાતાવરણ સૂકું રહેશે. લધુત્તમ તાપમાનની વાત કરીએ તો, આગામી ૩ દિવસ સુધી ૨થી ૫ ડિગ્રી તાપમાનમાં વધારો થવાનું અનુમાન છે. જે બાદ લધુત્તમ તાપમાનમાં ૩થી ૫ ડિગ્રી સેલ્સિયસ ઘટાડાનું અનુમાન છે. સિસ્ટમની વાત કરતાં તેમણે જણાવ્યું કે, આગામી ૨૬ જાન્યુઆરીએ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉત્તર પશ્ચિમ ભારતને એપ્રોચ કરશે, તેને ધ્યાનમાં રાખીને આગામી ત્રણ દિવસ સુધી લધુત્તમ તાપમાન ૩થી ૫ ડિગ્રી વધે અને તે બાદ ૩થી ૫ ડિગ્રી ઘટાડાનું અનુમાન છે.

આ સાથે જ તેમણે કહ્યું કે, એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર થયું છે, જેના લીધે ઉત્તરથી ઉત્તર પૂર્વ તરફ પવન ફૂંકાઈ રહ્યો હતો. તેના લીધે છેલ્લા ૨૪ કલાકમાં પારો ગગડ્યો છે. જે બાદ હવે પવનની દિશા થોડી બદલાઈ રહી છે.

નોંધનીય છે કે, રાજ્યના અન્ય શહેરોના તાપમાનની વાત કરીએ તો, ડીસા ૮.૪, અમરેલી ૯.૪, ભુજ ૯.૮, રાજકોટ ૯.૫, પોરબંદર ૧૦.૨, ગાંધીનગર ૧૧, કંડલા ૧૨, દ્વારકા ૧૨.૨, અમદાવાદ ૧૨.૫, બરોડા ૧૨.૦૮, સુરત ૧૪.૨, ઓખા ૧૫.૮ ડિગ્રી તામપાન નોંધાયું છે.

નોંધનીય છે કે, ઉત્તર ભારતમાં હિમ વર્ષાને પગલે શીતલહેર જોવા મળી રહી છે. કાશ્મીરમાં હિમવર્ષા થતાં કેટલાક વિસ્તારમાં અંદાજે દોઢ ફૂટ જેટલો બરફ જમા થઈ ગયો છે. આ ભારે હિમવર્ષાને કારણે લઘુત્તમ તાપમાનમાં મોટો ઘટાડો થતા હાડ થીજવતી ઠંડીનું જોર વધ્યું છે, જેના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે.

## વિશ્વની કુંડલીનું વિશ્લેષણ તથા ટ્રંપની નીતિ ઉપર વિશ્લેષણ

**Yoggi Astrology**ના અંક ૧૯૮માં આપ સૌનું સ્વાગત છે. આપણે ઘણા અંકોમાં સૂર્ય-મંગળની યુતિ ઉપર ચર્ચા કરી છે. વિશ્વમાં હાલ માહોલ યુદ્ધ-યુદ્ધવાળુ ચાલે છે. એક બાજુ ટ્રંપ ઈરાન ઉપર હુમલો કરવાની વાત કરે છે. તેવા સમયે આરબ દેશોએ એરબેઈઝનો ઉપયોગ કરવાની ના પાડી દીધી છે. બીજી બાજુ દ્વર્છ્ અમેરિકાની વિરુદ્ધ થવા માંડ્યા છે. યુક્રેને દ્વર્છ્માં જોડાવવા માટે ના પાડી દીધી છે. આ ઉપરાંત અમેરિકામાં અંદર વિદ્રોહની ઘટના જોવા મળી રહી છે. બીજી બાજુ અમેરિકા ટેરિફની ધમકી આપે છે. મારા જુના લેખમાં કોવિડે જીવન જીવતા શીખવ્યું ત્યારબાદ દુનિયા ધંધો કેવી રીતે કરવો તે વિશે ચર્ચા કરી છે? ટ્રંપની કુંડલી ઉપર આપણે ઘણીવાર ચર્ચા કરી છે, છતાં એકવાર ફરીથી તેના ઉપર ચર્ચા કરીશું?

લગ્ન ૫ (મંગળ), ૬ (ગુરુ), ૭ (-), ૮ (કેતુ/ચંદ્ર), ૯ (-), ૧૦ (-), ૧૧ (-), ૧૨ (-), ૧ (-), ૨ (રાહુ, સૂર્ય), ૩ (બુધ), ૪ (શનિ-શુક્ર)

હાલ ગુરુની દશામાં શુક્રની અંતરદશા ચાલી રહી છે. જે મે-૨૦૨૭ સુધી ચાલશે. હાલ ગોચરનો ગુરુ તેમની કુંડલી પ્રમાણે ૮મે ચાલે છે. જે તેમના આયુષ્ય પ્રમાણે સારુ નથી. જ્યારે ગોચરમાં શુક્ર દસમે ચાલે છે. જ્યાં સૂર્ય-રાહુ બેઠા છે. સૂર્ય રાહુ ઉપરથી શુક્ર પસાર થાય ત્યારે તેમણે કોઈ લોહીની બીમારી બતાવે છે અથવા રાહુના ઘરમાં શુક્ર હોવાથી તેમનું સેક્સ કૌભાંડ બહાર આવશે. તેમની કુંડલીમાં પણ રાહુ શુક્રના ઘરમાં બેઠો છે. આ ઉપરાંત સૂર્ય-રાહુની યુતિ દસમે છે. બારમે શુક્ર હંમેશા ભોગ-વિલાસ આપે છે, જે તેમને આપ્યું છે. રાવણને પણ બારમે શુક્ર હતો. તેમની કુંડલી સપ્તમેશ બારમે છે. જેથી બે-ત્રણ લગ્ન થાય. શનિ મારકેશ બનીને બારમે બેઠો છે. આ ઉપરાંત છઠ્ઠાનો સ્વામી બારમે જે વિપરીત રાજયોગ બનાવે છે. તેમની કુંડલી પ્રમાણે શનિ મારકેશ બને છે જે કુંડલીમાં બારમે શુક્ર સાથે બેઠો છે. ગુરુ-સૂર્યની દશા મે ૨૦૨૭થી ચાલશે, સૂર્ય ૨૯ ડિગ્રીનો વૃદ્ધા અવસ્થામાં છે. અને અહીં ૨૭ ડિગ્રીનો નિર્બળ અવસ્થામાં છે. અહીં રાહુ વૃષભ રાશીમાં શુક્રની રાશિમાં છે. જ્યારે શુક્ર ચંદ્રની રાશિમાં બારમે બેઠો છે. જન્મનો ચંદ્ર જીવનો કેતુ સાથે ચોથે બેઠો છે. આથી અહીં રાહુ સારુ ફળ આપશે નહીં. ચંદ્રની દ્રષ્ટિ રાહુ ઉપર, આથી તેમણે ચામડીના રોગ બતાવે છે. હાલ પુતીન સાથે મુલાકાત દરમ્યાન હાથમાં ચામડીના રોગના લક્ષણ જોયા હતા. મંગળની દ્રષ્ટિ ચંદ્ર-કેતુ ઉપર તથા મંગળની દશમી દ્રષ્ટિ સૂર્ય-રાહુ ઉપર, આથી ઈગોથી ખોટા નિર્ણય લેશે. ત્યારબાદ ગુરુ-સૂર્ય દશા નીકળી તો સારું નહીં. તો તેમના ઉપર ભારી પડી શકે તેમ છે. ત્રીજાનો માલિક શુક્ર બારમે શનિ સાથે છે, તો કોઈ સ્ત્રી તેમના ઉપર ભારી પડી શકે તેવા યોગ બની રહ્યા છે.

હાલ અમેરિકાની રાહુની દશા ચાલ છે, જયારે ભારતની મંગળની દશા ચાલે છે. રાહુની દશામાં અમેરિકા શસ્ત્રો બનાવશે પરંતુ ખરીદનાર કોઈ ન હશે, ત્યારે ભારતની મંગળની દશા હોવાથી શસ્ત્ર લેનારની લાઈન લાગશે. ટ્રંપની કુંડલી સૂર્ય-રાહુ સમયે હોવાથી પોતાની ગાડી સાચવવા નવા-નવા હથિયારનો ઉપયોગ કરશે. આમ પોતે માનસિકતા ખોઈ દેશે. લગ્નેશ સૂર્ય દશમે રાહુ સાથે છે. આથી પોતે પોતાના હીત ઉપર ધ્યાન આપશે. આમ કરવાથી હાથમાંથી ધીમે-ધીમે જીછ તૂટવા માંડશે. ગુરુ-શુક્રની દશાથી વિશ્વમાં કોઈ મોટા ખોટા નિર્ણયથી વિશ્વમાં ભયનો માહોલ ઊભો થશે. આમ યુ.એસ.માં ડીપસ્ટેસ તથા ત્યાંની એજન્સી ટ્રંપને પ્રેશર કરીને કામ કરાવે છે. અમેરિકાની કુંડલી જોતા કન્યા લગ્ન લગ્નમાં શનિ, પાંચમે મકરનો શની, છઠ્ઠે કુંભનો શની, દશમે મિથુનમાં સૂર્ય, ગુરુ, શુક્ર, મંગળ, અગિયારમે કર્ક, રાહુ, બુધ, અમેરિકાની કુંડલીમાં રાહુની દશામાં શનિની અંતરદશા ચાલે છે. રાહુ બુધ સાથે અગિયારમે. શની લગ્નમાં બેઠો છે. લગ્નેશ બુધ વક્રી થઈને રાહુ સાથે, આથી તેમની બુદ્ધિ ભ્રષ્ટ થાય. આથી ટ્રંપે પોતાના ઘર ઉપર ધ્યાન આપવા કરતા બહાર વધારે આપે છે. વિશ્વ માટે ૨૦૨૬-૨૦૨૭ ઘણો ખરાબ છે. ૨૦૨૬ જુન-જુલાઈ પછી માર્કેટ ડાઉન જશે. આ હાલત અમેરિકાની રહેશે. હાલ ગુરુ પુનર્વસુ નક્ષત્રમાં, પુનર્વસુનો અર્થ જુનું બંધ થવું અને નવું બનવું. ૨ જુનથી ગુરુ ફરીથી કર્કમાં (ચર રાશીમાં) ત્યારથી ઝડપથી **Falldown** જોવા મળશે.

રશિયાની કુંડલી જોતા

લગ્ન ૬ (-), ૭ (-), ૮ (-), ૯ (-), ૧૦ (શનિ, ચંદ્ર, રાહુ), ૧૧ (-), ૧૨ (મંગળ), ૧ (શુક્ર), ૨ (સૂર્ય, બુધ), ૩ (ગુરુ), ૪ (કેતુ), ૫ (-)

રશિયાની કુંડલી જોતા હાલ મિથુનનો ગુરુ જે ગોચરમાં પણ મિથુનનો ગુરુ તથા રશિયાની કુંડલી ગુરુ પુનર્વસુ નક્ષત્રમાં છે, જે હાલ પુનર્વસુ નક્ષત્રમાં ચાલે છે. રશિયાની ગુરુની મહાદશા ૨૦૨૨થી શરૂ થઈ ત્યારથી યુક્રેન સાથે યુદ્ધ થયું. આમ રશિયા પણ જુનું છોડીને નવું લેવાની કોશિશ કરી રહ્યું છે. આમ રશિયાની ઈકોનોમી થોડી નબળી છે. પરંતુ મિલિટરીની રીતે સારું રહેશે. આ રીતે હાલ ચીનની કુંડલી પ્રમાણે સારો સમય નથી. ચીનની કુંડલીમાં મીન રાહુ ઉપરથી હાલ શનિનું ભ્રમણ ચાલે છે. મંગળ ઉપર પુનર્વસુ ગુરુ આવશે. આમ ચીનનું પણ **Downfall** થઈ રહ્યું છે. ભારતની કુંડલી જોતા મંગળની દશા ચાલે છે. હાલ મંગળ-મંગળ હોવાથી ભારતની અંદર આંતરિક ઝઘડા વધશે. વિપક્ષ તથા ડીપસ્ટેસ ઘણા પ્રોબ્લેમ કરવાની કોશિશ કરશે. પરંતુ ૨૦૨૭માં મધ્ય ભાગમાં આ બધી વસ્તુ ઉપર પકડ લેશે, ત્યાંથી ભારતની ઈકોનોમી ભાગશે. ૨૦૨૭ જુન-જુલાઈ ભારત સુપરપાવર થતું જોવા મળશે. હાલ બે-ત્રણ દિવસ પહેલા પાકિસ્તાનની હરકત શરૂ થઈ, તેમાં ડ્રોન ભારતમાં મોકલ્યું. પહેલા ભારત કોઈ હુમલો કરતું ત્યારબાદ કરતું. પરંતુ હાલ ભારતની કુંડલી પ્રમાણે ૭ સપ્તમેશ મંગળ બીજે તથા આદ્રા નક્ષત્રમાં છે. અને ગોચર સૂર્ય-મંગળ-શનિ સાથે ત્યારબાદ સૂર્ય-મંગળ-રાહુ સાથે, પાકિસ્તાન તથા બાંગ્લાદેશ પર ભારત સામેથી હુમલો ફેબ્રુઆરી, માર્ચમાં કરશે. હવે ગ્રહો પ્રમાણે સમય આવી ગયો છે. ત્યારબાદ ભારતમાં ઘણા આંદોલન થતા જોવા મળશે. આ સમય શનિ ઉત્તરાભાદ્રપદામાં આવશે ત્યારે રાજકીય સ્કેન્ડલ અથવા સ્પોર્ટ્સ પર્સનનું સ્કેન્ડલ બહાર આવશે. આથી રાજકીય ઘણી ઉથલપાથલ થતી જોવા મળશે. હાલ સૂર્ય-મંગળ શનિના ઘર હોવાથી સ્પેનમાં બે ટ્રેન સામસામે થતા અકસ્માત થશે, તે થયો. આ વાત મારા લેખમાં લખી હતી કે ટ્રેન અકસ્માત થશે, તે થયો. વિશ્વમાં હાલ વરસાદ, સ્નો જેવી ઘટના બની રહી છે. (ક્લિન્ટન અને મોનીકા સેક્સ ફાઇલ થઈ ત્યારે પણ શનિ ઉત્તરાભાદ્રપદામાં હતો, તેવી ઘટના ભારત તથા વિશ્વમાં બને તેવી ૧૦૦% સંભાવના થશે.) ૨૦૨૬માં હાલ બે ગ્રહણો આવી રહ્યા છે, ત્યારબાદ વિશ્વમાં હાલત ઘણી ગંભીર બનશે. ટ્રંપ ઉપર કોઈ લીગલ કેસ પણ બનશે. ડિસેમ્બર મહિનામાં કેતુ કર્ક થશે, ત્યારે ટ્રંપની કુંડલીમાં બારમે આવશે. આ સમય ટ્રંપ માટે ઘણો સેન્સીટીવ બની રહેશે. આ સમય ટ્રંપ માટે કેરીયરનો અંત બની શકે તેવી સંભાવના રહેશે. વેનેઝૂયેલાના રાષ્ટ્રપતિ માટે જૂન મહીના પછી સારો સમય આવવાથી તેમને ફરીથી છુટા કરવા પડશે. ફરીથી ત્યાંનો રાષ્ટ્રપતિ બનશે. ત્યારે ટ્રંપનો સમય ખરાબ શરૂ થશે. ડિસેમ્બરમાં જયારે કેતુ કર્ક રાશીમાં આવશે ત્યારે ગુરુ પહેલેથી ત્યાં હોવાથી ગુરુ-કેતુની યુતિ બનવાથી ધીમે-ધીમે હિન્દુત્વનું નામ થવા માંડશે. પૂરા વિશ્વમાં ૨૦૨૭માં વિશ્વમાં હિન્દ ધર્મની ચર્ચા થશે. ઘણા દેશોમાં હિન્દુ પૂજા પ્રાર્થના વધશે. ૨૦૨૭ ભૂતાન, નેપાળ, **POK**, મ્યાનમાર, એવા ઘણાં દેશો ભારત સાથે ફરીથી એક બનશે. બસ આવું થાય તેવી પ્રભુપ્રાર્થના.




## સુરતમાં વાતચીતમાં ગાળ દેતા મિત્રએ જ મિત્રની પથ્થરથી હત્યા કરી નાખી

સુરત,

સુરતના અમરોલી અંજની ઈન્ડસ્ટ્રીઝમાં ઓડિશાવાસી યુવકની પથ્થર વડે હત્યા કરી નાખવાનો કિસ્સો સામે આવ્યો છે. મૂળ ઓડીશાના ગંજામ જિલ્લાના વતની અને હાલ અંજની ઈન્ડસ્ટ્રીઝ વિભાગ-૪ માં રહેતા પિતામ્બરભાઇ ગનતાઈ નાહકનો ૩૦ વર્ષીય પુત્ર કપિલાશ નાહક પણ અંજની ઈન્ડસ્ટ્રીઝમાં સંચા મશીન પર છૂટક મજૂરી પર કામ કરતો હતો. ગતરોજ અંજની ઈન્ડસ્ટ્રીઝ વિભાગ-૩ પાસે કોઈ અજાણ્યા શખ્સોએ તેની નિર્મમ હત્યા નિપજાવી હતી.

### પ્રેમસંબંધ, આર્થિક સંકટ અને તણાવ મુખ્ય કારણ

# ગુજરાતમાં દરરોજ સરેરાશ પચ્ચીસ લોકોએ આત્મહત્યા કરી જીવન ટુકાવ્યું

## ત્રણ વર્ષમાં ૨૫,૪૭૮ લોકોએ આત્મહત્યા કરી છે જેમાં અમદાવાદ, સુરત અને રાજકોટમાં સૌથી વધુ આપઘાતના કિસ્સા નોંધાયા

અમદાવાદ,

એક બાજુ, ગુજરાતમાં વિકાસનું ફૂલ ગુલાબી ચિત્ર રજૂ કરવામાં આવેલી છે ત્યારે બીજી બાજુ, દેવું, આર્થિક સંકડામણને કારણે લોકો પરિવાર સાથે જીવન લીલા સંકેલવા મજબૂર બન્યાં છે. છેલ્લાં બે વર્ષમાં ૪૨ પરિવારો એ સામૂહિક આત્મહત્યા કરી છે. ચિંતાજનક બાબતો એ છે કે, ગુજરાતમાં રોજ સરેરાશ ૨૫ લોકો આત્મહત્યા કરી જીવન ટૂંકાવી રહ્યા છે. કારમી મોઘવારીમાં જીવનનિર્વાહ કરવું મુશ્કેલ બન્યું છે. ઘરના બે છેડા ભેગા કરવા મુશ્કેલ બન્યાં છે. બેરોજગારી અનેઆર્થિક સંકડામણના કારણે ગુજરાતમાં આત્મહત્યા અને સામૂહિક આત્મહત્યાનાકિસ્સા ચિંતાજનક હદે વધી રહ્યાં છે. ત્રણ વર્ષમાં ૨૫,૪૭૮ લોકોએ આત્મહત્યા કરી છે જેમાં અમદાવાદ, સુરત, રાજકોટમાં સૌથી વધુ આપઘાતના કિસ્સા નોંધાયા છે. 'છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં ૯,૦૦૦ લોકોએ આત્મહત્યા કરી હતી. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૩માં આત્મહત્યા કરનારાઓમાં ૬,૨૬૦ પુરુષો, ૨,૬૮૫ મહિલાઓ અને ૩ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓનો સમાવેશ થાય છે. ગરીબીના કારણે ૬૭ લોકોએ આત્મહત્યા કરી, બેરોજગારી ૨૦૭ આત્મહત્યાઓનું કારણ બની હતી. આત્મહત્યાનું મુખ્ય કારણ બીમારી પણ બની છે, સરેરાશ દરરોજ પાંચ લોકો બીમારીને કારણે આત્મહત્યા કરે છે. આ ઉપરાંત પ્રેમ સંબંધ, આર્થિક સંકટ, બીમારી, માનસિક તણાવ પણ મુખ્ય પરિબળ છે. ગુજરાતમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાઓમાં વધારો થયો છે. છેલ્લાં ૩ વર્ષમાં ૪૯૫ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. આ ઉપરાંત મજૂરોમાં આત્મહત્યાઓમાં ૫૦ ટકાનો વધારો થયો છે, જેનું મુખ્ય કારણ ઓછા વેતન અને સામાજિક સુરક્ષાનો અભાવ છે. આમ ગુજરાતમાં આત્મહત્યાના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે.ગુજરાતના પોલીસના માનસિક સ્વાસ્થ્ય અને કામના ભારણ સામે સવાલો ઉભા થયા છે કેમકે છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાતમાં ત્રણ પોલીસ કર્મચારીઓએ આત્મહત્યા કરી છે. ગાંધીનગરમાં હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ વાઘેલાએ ઘરમાં જ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જ્યારે ભાવનગર જિલ્લાના ઘોઘા ખાતે ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહે ઝેરી દવા ગટગટાવી જીવન લીલા સંકેલી લીધી હતી. ભરૂચ પોલીસ હેડક્વાર્ટરમાં પણ એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ભરૂચમાં મહિલા પોલીસકર્મીએ રૂમમાં પંખા સાથે લટકીને આત્મહત્યા કરી હતી. આમ સરકારી નોકરીયાતો પણ કામના કારણે આત્મહત્યા કરવા મજબૂર બન્યા છે.

## હિન્દુઓના સર્વોચ્ચ શંકરાચાર્ય ધર્મગુરુ સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી ના અપમાન બદલ પાટણ ખાતે જગન્નાથ મંદિર બે દિવસના ધરણાં પ્રદર્શન

મોદી–યોગી સરકાર ના તેવર સામે સનાતની ઓ ની ટીકા ટિપ્પણી. આજે આ કાર્યક્રમમાં પાટણની વિવિધ ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓના આગેવાનો અને સનાતન ધર્મને વરેલા પ્રબુદ્ધ વરિષ્ઠ નાગરિકો મોટી સંખ્યામાં હાજરી આપી હતી.



સવારના ૯ વાગ્યાથી શરૂ થયેલ ધરણાં સાંજે ૪ વાગ્યા સુધી ઉપવાસ સાથે રાખવામાં આવેલ. આ કાર્યક્રમ મા ઉપસ્થિત આગેવાનોએ હિન્દુ ધર્મગુરુના અપમાનને સમગ્ર સનાતન ધર્મીઓનું અસહ્ય ગણાવી, કેન્દ્રની મોદી સરકાર તથા ઉત્તર પ્રદેશની યોગી સરકાર સામે ભારે રોષ ઢાલવ્યો હતો. ઉપસ્થિત વિવિધ ધર્મના,સમાજના લોકોએ આક્રોશ કરતા જણાવ્યું હતું કે રાજસત્તા દ્વારા ધર્મસત્તાને અવગણી ને અંકુશ માં રાખવાનો આ પ્રયાસ હિન્દુ સનાતની સમાજ ક્યારેય સ્વીકારશે નહીં.

શંકરાચાર્યજી ના સમર્થનમાં બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જગન્નાથ મંદિરના ટ્રસ્ટી ગણ તેમજ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ, પાટણ જિલ્લા પ્રમુખ શ્રી પિયુષ આચાર્ય દ્વારા તમામ સનાતન ધર્મીઓને આ કાર્યક્રમમાં જોડાવા જાહેર અપીલ કરવામાં આવી હતી.

ધરણાં દરમિયાન શાંતિપૂર્ણ પરંતુ દ્રઢ મનોબળ સાથે સનાતની હિન્દુઓ ને સખત ભાષામાં આવાહન રાજકીય પક્ષાપક્ષી થી દૂર રહીને કરવામાં આવ્યું હતું. ''ધર્મનું સન્માન કરો'' અને ''હિન્દુ સમ્રાટ ધર્મગુરુ શંકરાચાર્યજી ના અપમાન બંધ કરો'' જેવા વિવિધ નારા ગુંજ્યા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ ધર્મપ્રેરિત,ધર્મ નિષ્ઠતા અને સનાતન ધર્મ વંશપરંપરાગત સંસ્કૃતી ની જાળવણી ન વક્તવ્યો સાથે શાસકો સામે આક્રોશ વ્યકત કરીને તેમણે ભાન કરાવવાની ચર્ચા એરણે પહોંચી હતી...

## ધોળકાના કૌકા ગામે લગ્ન પ્રસંગમાં મીઠાઈ ખાધા બાદ ફૂડ પોઈઝનિંગ

અમદાવાદ,

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના કૌકા ગામથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગત રાત્રિએ અહીં એક લગ્ન પ્રસંગમાં ભોજન લીધા બાદ મોટા પાયે ફૂડ પોઈઝનિંગની ઘટના બની છે. વ્હોરા મુસ્લિમ સમાજના એક લગ્ન પ્રસંગમાં પીરસાયેલી મીઠાઈ ખાવાથી અચાનક લોકોની તબિયત લથડતા સમગ્ર પંથકમાં દોડધામ મચી ગઈ છે.કૌકા ગામે આયોજિત લગ્ન પ્રસંગમાં પરંપરાગત 'સામસામે મીઠાની રસમ' હતી. ગ્રામજનોમાં ચર્ચા છે કે આ મીઠાઈ ખાધા બાદ જ લોકોને ઉલ્ટી અને ઉબકા આવવાની શરૂઆત થઈ હતી. જોતજોતામાં બીમાર લોકોનો આંકડો ૫૦ને પાર કરી ગયો હતો. પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે તાત્કાલિક ધોળકા અને વટામણ સહિતના વિસ્તારોમાંથી ૫ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે બોલાવવી પડી હતી.દર્દીઓની સંખ્યા વધારે હોવાથી ગામની નૂર હાઈસ્કૂલ ખાતે જ તમામ લોકોને ખસેડવામાં આવ્યા હતા અને ત્યાં જ કામચલાઉ હોસ્પિટલ જેવું વાતાવરણ ઉભું કરી સારવાર શરૂ કરી દેવામાં આવી હતી. આરોગ્ય વિભાગની ટીમ દોડતી થઈ ગઈ હતી.જે પૈકી ૫ લોકોની હાલત વધુ નાજુક જણાતા તેમને તાત્કાલિક ધોળકાની હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા.ઘટનાની જાણ થતા જ આરોગ્ય વિભાગની ટીમ કાફલા સાથે કૌકા ગામે પહોંચી હતી. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ખાણી-પીણીના નમૂના લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. હાલમાં તમામ દર્દીઓની તબિયત સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું છે.ફૂડ પોઈઝનિંગ અથવા ફૂડ બોર્ન એ ચેપ છે જે દૂષિત ખોરાક, પાણી, ફળો વગેરે આરોગવાના કારણે થાય છે. જ્યારે ખોરાક બેક્ટેરિયા, જંતુઓ, વાયરસ અથવા પરોપજીવીઓથી દૂષિત થઈ જાય છે.




મન એટલે શું? મનની ચંચળતાને માપવા માટે હજી ક્યાં કોઈ સાધન પર્યાપ્ત છે?

મન એ એવું તો ગૂઢ, રહસ્યમય છે કે એને સમજવું ખૂબ જ મુશ્કેલ છે. આ મન એ અહંકાર છે. હુંપણું, ચિત્ત, જે બુદ્ધિથી સારું નરસું વિચારે ને માનવ એ ઈચ્છા પૂર્ણ કરવા મનને જાગૃત કરે અને મન એ પ્રમાણે વર્તે. આ રીતે મન આપણી પાંચેય ઈંદ્રિયોને પોતાના વશમાં રાખનાર રાજા છે.

મન જ માનવના બંધન કે મોક્ષનું કારણ છે. જેવું મન તેવો માનવ ! જો મન એની ચિત્તવૃત્તિથી શાંત રહી શકે, ત્યારે એ પોતાની જાતને ઓળખી શકવા સમર્થ થાય. જયાં સુધી મન અહંકાર, હુંપણું, એના ઈચ્છામય સ્વરૂપ અને ચિત્તવૃત્તિથી ડહોળાયેલ છે ત્યાં સુધી માનવી પોતાની જાતને ઓળખી શકતો નથી.

જયારે મન એકદમ શાંત અને ઈચ્છા, ઉપકાર, જવાબદારી, ભાર વિનાનું બને, ત્યારબાદ જ માનવ બંધનમુક્ત થઈ મોક્ષ પામે.

આ મન એ કોઈ ચીજ તો છે નહીં! મન એટલું ચંચળ ગણાય છે કે એને કોઈક ભાગ્યે સંયમમાં રાખી શકે. એનું કામ જ એક, વિચારીને અહીં તહીં ભટકવું છે. ક્ષણમાં ને મિનિટોમાં તો એ ક્યાંનું કયાં જગતમાં ભટકી આવે, બસ આ જ એનું કામ! એને નાથી શકવા ભવોભવના જન્મ લેવા પડે એમાં શંકાને કોઈ જ સ્થાન નથી. વિચારોના સામ્રાજયના એ ગુંચળામાંથી માનવી ઈચ્છા કે રસ વિનાનો બને, ત્યારે જ માનવી એને સંયમમાં લાવવા કદાચ શક્તિમાન થાય.

એ માટે માનવીએ અંતરથી ધ્યાન ધરવું પડે! આજના યુગમાં ચાલતી યોગની બોલબાલા કામ નહીં લાગે. ખરેખર સુવ્યવસ્થિત યોગ કરવો પડે, તો જ મન પર કાબુ મેળવવામાં થોડેઘણે અંશે સફળતા મળશે.

આ રીતે વિચારતાં, આપણે ચોક્કસ પોતાના મનની સ્થિતિ પ્રમાણે જાણી શકીએ કે, બંધનમુક્ત થવા કે મોક્ષ પામવા જન્મોજન્મ લાગશે અને ફરી એ જન્મોનાં કર્મો પ્રમાણે એમાં વધારો ઘટાડો તો થતો જ રહેવાનો!

કેટલું ગૂઢ અને અનિવાર્ય જેવું જ નથી લાગતું, આ મનના બંધનમાંથી છૂટી બંધનમુક્ત થઈ મોક? મોક્ષ પામવાનું! એટલે સુધી કે હું બંધનમુક્ત છું એ ગર્વ કરવો પણ એક જાતની મૂર્ખામીભર્યો વિચાર છે.

આવું અનિવાર્ય કાર્ય કરવા પોતાના મનને સ્થિર રાખવા માટે અંર્તમુખ થઈને પવિત્ર વિચાર, વાણી ને વર્તન રાખીને સારામાં સારા કર્મો, કરતા રહીએ.

-સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'(અમેરિકા)

**Rajul Kaushik**
રાજુલનું મનોજગત

## મૂળ દાહોદના યુવકની સગા ભાઈએ જ હત્યા કરી નાંખી

આણંદ,

ઉમરેઠના લિંગડા ગામે એક ભાઈએ પોતાના સગા નાનાભાઈનું ગળું દબાવી હત્યા કરી હતી અને બાદમાં તેનું મોત કુદરતી થયું હોવાની જાણ પોલીસને કરી હતી. જોકે પીએમ રિપોર્ટમાં ગળું દબાવીને મોત નિપજાવ્યુ હોવાનું બહાર આવતા પોલીસે ભાઈની પૂછતાછ કરી હતી જેમાં તે ભાગી પડ્યો હતો અને પોતે જ પોતાના સગા ભાઈનું ગળું દબાવી હત્યા કરી હોવાનો ગુનો તેણે કબૂલી લીધો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર મૂળ દાહોદના અને હાલમાં લીંગડા રોડ પર રહેતા ૫૦ વર્ષીય કનુભાઈ માલાભાઈ મોરણીયાનો ગુરૂવારે સાંજે પેટ્રોલપંપની પાછળ આવેલા મિનેષભાઈ પટેલના ખેતરમાંથી મૃતદેહ મળી આવ્યો હતો.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad
& published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું

11-01-2026_02 Jan Fariyad_P-2